# આજથી સંસ્કૃતિક કુંજ ખાતે 'વસંતોત્સવ'નો શુભારંભ

**વસંતોત્સવની ઉજવણીનો શુભારંભ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે થશે : આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારિત વસંતોત્સવની થશે ઉજવણી**





ગાંધીનગર, તા.૧૦

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ પર આધારિત વસંતોત્સવના ૨૮મા ઉજવણી પર્વ નિમિત્તે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગુજરાત સરકાર દ્વારા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને પશ્ચિમ કલા કેન્દ્ર ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે વસંતોત્સવની ઉજવણીનો શુભારંભ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે થવા જઈ રહ્યો છે.

કાર્યક્રમમાં સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરા તથા ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

આમ તો ગાંધીનગરના નગરજનો માટે અવારનવાર જુદી-જુદી સંસ્થાઓ થકી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા હોય છે. છતાં આ સાંસ્કૃતિક પર્વ વસંતોત્સવના આગમનની ગાંધીનગરવાસીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. વર્ષોથી ચાલ્યા આવતા ઉત્સવને માણવા હજારોની સંખ્યામાં લોકો ઉમટે છે

ત્યારે ઉલ્લેખનીય છે કે સંસ્કૃતિકુંજ જ્યાં ઉજવાય છે, તે સાબરમતીની કોતરોમાં રીનોવેશન કરવાનું હોવાથી આ વર્ષે જૂની બેઠક વ્યવસ્થા,રંગમંચ વગેરેને છેલ્લીવાર માણી શકાશે.

કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક પ્રસ્તુતિ સાંજે ૭:૦૦ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સંસ્કૃતિ કુંજ, સરિતા ઉદ્યાન પાસે, 'જ' રોડ, ગાંધીનગર ખાતે થશે.

સંસ્કૃતિકુંજ ખાતે ઉભા કરાયેલા સ્ટોલમાં કલાત્મક વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ બપોરે ૦૨ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી રહેશે, જેનો નગરજનો લાભ લઈ શકશે.

આનંદ, પ્રમોદ અને લોકસંગીતના સૂરોનો પ્રકૃતિના ખોળે આનંદ લેવા વસંતોત્સવ ૨૦૨૩ની કલારસીકો આતુરતાથી રાહ જોતા હોય છે, એવા ગુજરાતના અનોખા નૃત્યકલાપર્વની પાટનગરમાં આજથી શરૂઆત અંતર્ગત પ્રથમ દિવસે જીગ્નેશ સુરાણી ગ્રુપ રાજકોટ દ્વારા સૌપ્રથમ ગણેશ વંદના તથા વડોદરા શહેરના ગરબા રસિકો દ્વારા પ્રાચીન ગરબા, રાજસ્થાની ઘુમર, ડાંગ જિલ્લાનું ડાંગી નૃત્ય રજૂ થશે. તથા બારોટ તુરી સમાજનું બેડા નૃત્ય, કેરવાનો વેશ વગેરે પણ રજૂ કરવામાં આવશે. અંતે ગુજરાતના પ્રસિદ્ધ લોક ગાયક ઓસમાન મીર દ્વારા ગુજરાતી લોકગીતોની રમઝટ બોલાવાશે.

## સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતી કલાકારોનો જલવો

| | |
|---|---|
| ૧૧ માર્ચ | ઓસમાણ મીર |
| ૧૨ માર્ચ | અભિતા પટેલ |
| ૧૩ માર્ચ | સાઈરામ દવે |
| ૧૪ માર્ચ | ગીતાબેન રબારી |
| ૧૫ માર્ચ | ભાવિન શાસ્ત્રી |
| ૧૬ માર્ચ | જીગ્નેશ કવિરાજ |
| ૧૭ માર્ચ | કિર્તીદાન ગઢવી |
| ૧૮ માર્ચ | અનિરૂદ્ધ આહિર |
| ૧૯ માર્ચ | દેવ ભટ્ટ |
| ૨૦ માર્ચ | મેઘધનુષ બેન્ડ |

**સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય**

સાંજે ૭ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી

**પ્રથમ પાંચ દિવસ**

રાજસ્થાન, પંજાબ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ રાજ્ય દ્વારા અલગ-અલગ જાણીતા પ્રાદેશિક નૃત્યોની પ્રસ્તુતિ.

**દ્વિતીય પાંચ દિવસ**

કેરળ, મણીપુર, કર્ણાટક, આસામ, ઓરિસ્સા રાજ્ય દ્વારા અલગ-અલગ જાણીતા પ્રાદેશિક નૃત્યોની પ્રસ્તુતિ.

**દરરોજ**

- ગુજરાતના ખ્યાતનામ કલાકારો અને વૃંદ દ્વારા ગણેશ વંદના
- રાજ્યના વિવિધ પ્રસિદ્ધ ગ્રુપ દ્વારા પારંપરિક કૃતિની પ્રસ્તુતિ
- નવરાત્રી સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતા દ્વારા પ્રાચીન, અર્વાચીન ગરબા અને રાસની પ્રસ્તુતિ.
- તુરી-બારોટ સમાજના મંડળો દ્વારા વિવિધ વિસરાતા લોક નૃત્યોની પ્રસ્તુતિ.
- આદિજાતિ ગ્રુપ દ્વારા વિવિધ આદિવાસી નૃત્યોની પ્રસ્તુતિ.
- ગુજરાતના લોકકલા રત્ન દ્વારા લોકસંગીત અને સાહિત્યની રજુઆત

## સેક્ટર-૩સી કલ્ચરલ સ્કેવર ખાતે રંગોત્સવમાં મહિલાદિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં રંગોત્સવ ધુળેટીનું પર્વ ખૂબ જ પારિવારિક માહોલમાં હર્ષોલ્લાસ સાથે ઉજવાયુ હતુ. શહેરના સેક્ટર-૩સીમાં કલ્ચરલ સ્કેવર ખાતે વસાહતીઓએ પરિવાર સાથે ધુળેટી મહોત્સવની મજા માણી હતી. આ સાથે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ચોકની મહિલા ઓને વંદન, અભિનંદન સાથે તેમને પુષ્પ અર્પણ કરીને તેમનું સન્માન કરાયુ હતુ.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં કલ્ચરલ સ્કવેયરના જયંત દેસાઈ, મનિષ દોશી, પ્રશાંત ગુપ્તા, ભાલચન્દ્ર પટેલ અને ધનજંય જોષી સહિત અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગર શહેરના પાર્કિંગ અને સ્ટ્રીટ વેન્ડિંગ માસ્ટર પ્લાનની એગ્રીમેન્ટ હેઠળ કાર્ય વિસ્તરણની બેઠક મહાનગરપાલિકા ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટે. ચેરમેન, કમિશનર, ડે. કમિશનર તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અનુસાર પાર્કિંગ અને વેન્ડિંગ પ્રત્યે વિવિધ વિભાગોએ સૂચનો કર્યા હતા તેમજ મેયર એ ગાંધીનગર માટે સિટી મોબિલિટી પ્લાન અંગે માર્ગદર્શન આપ્યું હતું.



પ્રમુખ એલીગન્સ સોસાયટી,રાયસણ ખાતે છેલ્લા આઠ વર્ષથી નવરાત્રી સમિતિ તથા સોસાયટીમાં રહેતા તમામ સભ્યો પ્રેમથી હળી મળી એકતાના પ્રતિક સમાન આ વર્ષે પણ હર્ષ ભેર પવિત્ર હોળી ધુળેટી રંગોત્સવ કાર્યક્રમ, ડાન્સ, ગરબા /સમૂહ ભોજન સાથે ધામ ધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.



સેક્ટર ૮ સી ખાતે હોળી - ધુળેટી પર્વ ની ઉજવણી વસાહતી ભાઈઓ બહેનો દ્વારા આનંદ અને ઉલ્લાસ પૂર્વક કરવામાં આવી હતી.

## શહેરમાં યોજાશે અનોખા દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ

**લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના અને એસોસિએશન ફોર સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન : કુલ ૧૦ દિવ્યાંગ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે**

ગાંધીનગર, તા.૧૦

સમૂહ લગ્નોત્સવો તો અનેક પ્રકારના યોજાય છે, વિવિધ સમાજ-જ્ઞાતિ સંગઠનો દ્વારા તો ક્યારેક કોઈ જાતિ સંગઠનો દ્વારા સમૂહ લગ્નોત્સવના આયોજન કરવામાં આવતાં હોય છે પરંતુ ગાંધીનગરમાં એક અનોખા સમૂહ લગ્ન યોજાવા જઈ રહ્યાં છે જેમાં કોઈ સમાજ-જ્ઞાતિ-જાતિ કે ધર્મ નહીં પરંતુ ઈશ્વરે જેમને ભલે થોડી ઘણી શારિરીક ઉણપ આપી હશે પરંતુ તે સાથે તેમને વિશેષ શક્તિથી પણ સબળ બનાવ્યાં છે તેવા દિવ્યાંગ વ્યક્તિઓ માટેના સમૂહ લગ્ન યોજાઈ રહ્યાં છે. આ દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનું આયોજન લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના અને એસોસિએશન ફોર સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૪મી માર્ચ, મંગળવારના રોજ સેક્ટર ૨૨માં પંચદેવ મંદિરની પાસેના રંગમંચ ખાતે કરવામાં આવ્યું છે.

દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૧૦ દિવ્યાંગ યુગલો પ્રભુતામાં પગલા પાડશે જેમાં એક મુસ્લિમ યુગલનો પણ સમાવેશ થાય છે.

આ પ્રસંગે યોજાનારા સમારંભના અધ્યક્ષ પદે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રસિકભાઈ પટેલ તેમજ મુખ્ય મહેમાન પદે ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય રીટાબેન પટેલ અને માણસાના ધારાસભ્ય જે. એસ. પટેલ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત અતિથિ વિશેષ પદે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા તેમજ ખાલસા લિટલ ફલાવર સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી સુરજિત કૌર ડાંગ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા આશિર્વચન પાઠવશે.

## શહેરમાં પ્રસરેલી બિમારીના કારણે ખાંસી રહેલું ગાંધીનગર..!!

**શહેરીજનો શરદી-ખાંસી સાથે પગના સાંધામાં દુખાવો, બેચેની, ચીડીયાપણું તથા શરીરમાં સુસ્તીનો અનુભવ જેવી બિમારીમાં સપડાઇ રહ્યાં છે : દવાખાનામાં લાગી રહી છે દરદીઓની લાંબીલચક લાઇનો**

ગાંધીનગર, તા.૧૦

એક તરફ શિયાળાની વિદાય થઈ રહી છે અને તે સાથે ઉનાળાનો પ્રારંભ થઈ રહ્યો છે. આયુર્વેદમાં આ સમયને ઋતુ સંધિકાળ તરીકે ઓળખવામાં આવ્યો છે જ્યારે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો હોય છે. આ મૌસમમાં ગાંધીનગરમાં નાગરિકો એક અલગ પ્રકારની જ શારિરીક તકલીફોનો સામનો કરી રહ્યાં છે જેમાં શરદી-ખાંસી સાથે પગના સાંધામાં દુખાવો, બેચેની, ચીડીયાપણું તથા શરીરમાં સુસ્તીનો અનુભવ થઈ રહ્યો છે.

કેટલાંકને તો તે સાથે માથાનો દુઃખાવો અને શરીરમાં જીર્ણ તાવની અસર પણ વર્તાય છે અને સામાન્ય લાગતી આ તકલીફો ઝટ મટી પણ નથી રહી જેના કારણે શહેરમાં ખાંસતા નાગરિકોની સંખ્યા મોટા પ્રમાણમાં દેખાઈ રહી છે અને દવાખાનામાં પણ આ 'વાઈરલ' બિમારીના દર્દીઓની લાંબી લચક લાઈનો લાગી રહી છે.

ગાંધીનગરમાં વિધાન સભાના મેડિકલ ઓફિસર ડો.અનિલ ચૌહાણ આ એક ઈન્ફલુએન્ઝા પ્રકારના વાયરસની અસર હોવાનું જણાવી રહ્યાં છે અને તેમના મતે "વાયરસ અનેક પ્રકારના હોય છે,

શ્વાસનળી ઉપર અને ફેફસા ઉપર સીધી અસર કરનારા વાયરસો પૈકીના કેટલાક વાયરસમાં ઈન્ફલુએન્ઝા પ્રકારના વાયરસ એ વિપુલ માત્રામાં જોવા મળે છે. ઈન્ફલુએન્ઝાની ટાઈપ એ વાઈરસના સબ ટાઈપ એવા ૨૩ઙ૨ એ અત્યારે હાલ ગુજરાતમાં ભરડો લીધો છે. આ વાયરસ સૌપ્રથમ કેટલાક પક્ષીઓ સસ્તન પ્રાણીઓ તેમજ ભૂંડ વગેરે પ્રાણીમાં જોવા મળતો હતો. આ ઋતુમાં અત્યારે આ વાયરસના અનેક દર્દીઓ આવી રહ્યા છે ત્યારે શરૂઆતમાં પગના સાંધામાં દુખાવો બેચેની ચીડીયાપણું તથા શરીરમાં સુસ્તીનો અનુભવ થાય છે.

ત્રણેક દિવસ બાદ ઉધરસ તાવ અને શરદી સળેખમની શરૂઆત થાય છે આ ઉધરસ સાત દિવસથી લઈ અને ૨૦ દિવસ સુધી ચાલી શકે છે.

આશ્વાસન લેવા જેવી બાબત એ છે કે આ વાયરસથી મૃત્યુ થતા નથી પણ કેટલોક સમય હેરાન કરી મૂકે છે. કોરોના વાયરસથી આ અલગ પ્રકારનો વાયરસ છે અને તેનું જીવનચક્ર પણ અલગ છે.

આપણે સામાન્ય રીતે કોરોનામાં જે મુખ્ય નિયમો પાળતા હતા તે પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સિંગ તથા સેનિટાઈઝરનો ઉપયોગ તથા માસ્કનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. આ બિમારીમાં ડોક્ટરની સલાહ મુજબ દવા લેવાથી રાહત થાય છે."

## સ્ત્રીનોવેશન ફાઉન્ડેશનના સ્ટાર્ટઅપનું લોન્ચિંગ કરાયું



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સે.૨૮ બાલોદ્યાન ખાતેના કેફેમાં તા. ૮મી માર્ચ વિશ્વ મહિલા દિવસે સ્ત્રીનોવેશન ફાઉન્ડેશનના સ્ટાર્ટઅપને લેમીનો એગ્રો ઈન્ડિયા કંપની દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતુ. આ કંપની દ્વારા જામ, જેલી અને અથાણા જેવી ઓર્ગેનિક પ્રોડક્ટ બનવામાં આવે છે, તે ઓર્ગેનિક પ્રોડક્ટનું સેલિંગ કરી મહિલાઓ પોતાની તથા તેમના પરિવારની આર્થિક મદદ કરી શકે છે અને તે જ ઉદ્દેશથી લેમીનોના ફાઉન્ડર અને સીઈઓ હિતેન્દ્રભાઈ પટેલ દ્વારા ઈનિદ્વેહીહીલોન્ચ કરવામાં આવ્યું જેમાં માધુરીબેન, ફોરમબેન, ભાવિકાબેન, અને દિનેશભાઈ જેઓ આ કાર્યમાં સહભાગી થયા હતા.



સોનીપુર ગામની આંગણવાડી નંબર ૧ અને ૨ તથા ચામુંડાપુરા કોલવડા ગામની આંગણવાડી અને સોનીપુર ગામની પ્રાથમિક શાળાના બાળકોને માનવી સેવા ગ્રુપ - સોનીપુર દ્વારા હોળી-ધૂળેટી તહેવારની ઉજવણીના ભાગરૂપે બાળકો ને ધાણી અને ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું.




ઉમ્મીદ ફાઉન્ડેશન દ્વારા હાલ ચાલી રહેલ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારના વિદ્યાર્થીઓને બજેટ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી અને કાર્યપ્રણાલી અંગે માહિતી મેળવી હતી.